મેડિકલ કૉલેજો ગરીબ વિદ્યાર્થીને મફત પ્રવેશ આપી શકે છે ઃ સુપ્રીમ - આરોગ્ય.કૉમ - ગુજરાતી

ખાનગી કૉલેજ પરોપકારના હેતુથી મેનેજમેન્ટ ક્વોટામાં આવું એડમિશન આપે તો ફિ નિયંત્રણ
સમિતિએ હસ્તક્ષેપ કરવાની જરૂર નથી

(પી.ટી.આઇ.) નવી દિલ્હી, તા. ૨૧

સરકારી સહાય વિનાની ખાનગી મેડિકલ કોલેજો પોતાના મેનેજમેન્ટ ક્વોટામાં ગરીબ અને લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક એડમિશન આપી શકે છે. આવા એડમિશન માટે અવરોધક ધારાકીય નિયમોને ફગાવવાની જરૂર પડે તે પણ તેઓ આમ કરી શકે તેમ સુપ્રીમ કોર્ટે એક ચુકાદામાં ઠરાવ્યું હતું

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ આર. વી. રવીન્દ્રન અને એચ. આર. ગોખલેની બનેલી બેન્ચે ચુકાદામાં જણાવ્યું હતું કે, જો કોઈ પણ મેડિકલ કૉલેજ સખાવતી અથવા પરોપકારી હેતુસર તેના દસ ટકાના મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોમાંથી આર્થિક રીતે નબળાં વર્ગના વિદ્યાર્થીઓને મફત પ્રવેશ આપીને મદદ કરવા ઇચ્છતી હોય તો આવી બેઠકો માટે ફી નિયંત્રણ સમિતિએ કૉલેજો દ્વારા લેવાનારી ફી નિર્ધારણ કરવાની જરૂર રહેતી નથી. આવી કૉલેજને ફી ચાર્જ કરવા ઇચ્છતી બિનસહાય ખાનગી કૉલેજોના કોન્સોર્ટિયમનો હિસ્સો બની રહેવાની પણ જરૂર નથી. સુપ્રીમ કોર્ટે આ ચુકાદા સાથે વ્યવસાયિક બિનસહાય ખાનગી કૉલેજમાં એડમિશન સંબંધિત તેના અગાઉના ચુકાદાઓમાં સ્થાપેલી બે કાનૂની શરત જોગવાઈઓને દૂર કરી હતી.

ગુજરાતમાં ચરોતર આરોગ્ય મંડળ દ્વારા ચલાવાતી ખાનગી બિનસહાય તબીબી કૉલેજ પ્રમુખસ્વામી મેડિકલ કોલેજની અપીલ બાબતે સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. આરોગ્ય મંડળ તેની ૧૦ ટકા મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર ગરીબ અને લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. ૫૦૦૦ની ટોકન ફી સાથે પ્રવેશ આપવા ઇચ્છતું હતું

ગુજરાતમાં ખાનગી બિનસહાય મેડિકલ કૉલેજોમાં એડમિશન માટેના પ્રવર્તમાન નિયમ અનુસાર ૭૫ ટકા બેઠકો સરકારી ગણાય છે, જેમાં રાજ્યવ્યાપી પ્રવેશ પરીક્ષામાં સફળ વિદ્યાર્થીઓને મેરિટ અનુસાર પ્રવેશ વિવિધ મેડિકલ કૉલેજોમાં અપાય છે. બાકીની ૨૫ ટકા બેઠકોમાં ૧૫ ટકા બેઠક NRI ક્વોટા અને મેનેજમેન્ટ ક્વોટા તરીકે ઓળખાતી ૧૦ ટકા બેઠકોનો સમાવેશ થાય છે. તમામ બિનસહાય ખાનગી કૉલેજોના કોન્સોર્ટિયમ દ્વારા પસંદ કરાયેલા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ અપાય છે.
કોન્સોર્ટિયમ ઊંચી ફી લઈને મેરિટ લિસ્ટ અનુસાર પ્રવેશ આપે છે.

જો કે, પ્રમુખસ્વામી મેડિકલ કૉલેજની તેના ૧૦ ટકા મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ગરીબ વિદ્યાર્થીઓને ફાળવવાની પ્રવેશ યોજના સરકારની મંજૂરીના અભાવે ખોરંભે પડી હતી. સરકારે મેનેજમેન્ટ ક્વોટાની બેઠકમાં પ્રવેશ માટે કોન્સોર્ટિયમના નિયમને વળગી રહેવાનો આગ્રહ રાખ્યો હતો. સરકારના વલણથી નારાજ તબીબી કૉલેજે ગુજરાત હાઇકોર્ટનો આશરો લીધો હતો. જો કે, હાઇકોર્ટે અરજીની ગુણવત્તા ચકાસ્યા વિના કૉલેજની અરજીનો અસ્પષ્ટ ચુકાદા સાથે નિકાલ કર્યો હતો. ચુકાદાથી નારાજ કૉલેજ સુપ્રીમ કોર્ટમાં જતાં તેને રાહત મળી હતી. જો કે, કોલેજોને નિયમમાં આવી માફી આપવા સામે સાવચેતી રાખવાની સલાહ આપતાં બેન્ચે જણાવ્યું હતું કે, ગરીબ વિદ્યાર્થીઓને મફત પ્રવેશ આપવાની આવી યોજના ગેરકાયદે અથવા અનિયમિત એડમિશન માટે આવરણ અથવા છૂપી રીતે કેપિટેશન ફી કે નફો કરવાનું સાધન ન બને તેની ચોકસાઈ રાખવી આવશ્યક છે.

Disclaimer: The news story on this page is the copyright of the cited publication. This has been reproduced here for visitors to review, comment on and discuss. This is in keeping with the principle of ‘Fair dealing’ or ‘Fair use’. Visitors may click on the publication name, in the news story, to visit the original article as it appears on the publication’s website.

Source: Gujaratsamachar

1 / 1